ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૨.૮ ડીગ્રી
લઘુતમ : ૧૧.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૪ ટકા ● સાંજે ૨૫ ટકા

# શહેરના બજારોમાં શક્કરિયા - બટાકા ઠલવાયા

## શિવરાત્રિ પર્વમાં ઉપવાસ માટે સૌથી વધુ શક્કરિયા-બટાકાની ખરીદી થવાથી માર્કેટમાં આવક વધી
## શક્કરિયાનો ભાવ ૪૦ રૂ. અને બટાકાનો ભાવ ૨૦ રૂ. કિલો : આગામી દિવસોમાં ભાવ વધવાની સંભાવના

ગાંધીનગર, તા.૨૦

શિવરાત્રી પર્વ નજીક આવી રહ્યું છે ત્યારે શહેરના બજારોમાં શક્કરિયા-બટાકાની મબલક આવક થઈ રહી છે. લારીમાં જથ્થાબંધ શક્કરિયા-બટાકા ઠલવાઈ રહ્યા છે. શિવરાત્રી એટલે ઉપવાસનો મહિમા જેમાં સૌથી વધારે શક્કરિયા-બટાકા ખાવામાં આવે છે. તેથી માર્કેટમાં શક્કરિયા-બટાકા ઠેર ઠેર વેચાઈ રહ્યા છે. હાલમાં શક્કરિયાનો ભાવ ૪૦ રૂપિયા કિલો જયારે બટાકાનો ભાવ ૨૦ રૂપિયા કિલો છે. જે આગામી દિવસોમાં ભાવવધારો થવાની સંભાવના છે તેમ વેપારીઓ જણાવી રહ્યા છે.

શિવરાત્રિ પર્વમાં શક્કરિયા-બટાકાનું સવિશેષ મહત્વ રહેલું છે. શિયાળામાં શક્કરિયા ખાવા આરોગ્યપ્રદ મનાયા છે. આ વર્ષે સારી આવકને લઈને ખેડૂતોમાં




ખુશી છવાઈ છે. ખેડૂતોના મતે આ વર્ષે શક્કરિયાની સારી એવી આવક થવા પામી છે. શક્કરિયા ચોમાસામાં વવાય છે. શ્રાવણ, ભાદરવા માસમાં તેનું વાવેતર થાય છે અને ચાર મહિના બાદ તેની ઉપજ આવે છે. તેના વેલા પશુઓ માટે આહાર બને છે. શક્કરિયા બજારમાં ધુમ વેચાય છે ત્યારે ખેડૂતોની આવકનું મહત્વનું સાધન બની રહે છે.

શક્કરિયાને ચુલામાં શેકીને કે પછી પાણીમાં બાફીને ખાવાની એક અનોખી મજા છે. હાલમાં વિવિધ બજારોમાં શક્કરિયાની ભરપુર આવકો થવા પામી છે. શિવરાત્રિમાં બટાકા-શક્કરિયાની માંગ ભારે વર્તાય છે તેથી તે દિવસોમાં બજારમાં મબલક માલ ઉતરતો હોય છે.


શિવરાત્રિના દિવસે શહેરીજનો ભગવાન ભોલેનાથના આશીર્વાદ સાથે શ્રધ્ધાપૂર્વક ઉપવાસ કરતા હોય છે. જેમાં ફરાળ સ્વરૂપે શકકરિયા-બટાકા અને વિવિધ ફરાળી વાનગીઓ ખવાય છે. શક્કરિયા માત્ર સ્વાદમાં જ નહી પણ સ્વાસ્થ્ય માટે પણ ખૂબ જ ફાયદાકારક હોય છે. તે ઈન્સ્ટન્ટ એનર્જીનું પાવર બુસ્ટર છે. તેને ખાવાથી શરીરમાં ગરમાવો રહે છે. તેમાં ફાઈબર, એન્ટી ઓકિસડેન્ટ, વિટામીન ભરપૂર માત્રામાં હોય છે. શક્કરિયામાં વિટામીન બી-૬ હોય છે. જે એમિનો એસિડના સ્તરને ઓછું કરવામાં મદદરૂપ થાય છે. એમિનો એસિડની માત્રા વધવાથી શરીરમાં બિમારીઓની સંભાવના વધી જાય છે. મૂળ વાળી શાકભાજીને સામાન્ય રીતે ગરમી પેદા કરવા વાળા ગુણો માટે ઓળખવામાં આવલે છે. શક્કરિયામાં હાજર ફાઈબરની માત્રા ખરાબ કોલેસ્ટ્રોલને ઘટાડે છે. શક્કરિયા એ ડાયાબિટીસનો પરંપરાગત ઉપાય છે. તેમાં જટિલ કાર્બોહાઈડ્રેટસ અને એડિયોનેકટીન હોર્મોન હોય છે તેમનું મિશ્રણ રકત ખાંડને સ્થિર રાખે છે.

શક્કરિયાને સ્વીટ પોટેટો પણ કહેવાય છે. શક્કિરયાને શેકીને ખાવાથી હૃદયને સુરક્ષા મળે છે. શક્કરિયા રોગ પ્રતિકારક ક્ષમતાને સારી બનાવે છે. જયાં સુધી બજારમાં શક્કરિયા દેખાતા રહે, ત્યાં સુધી તેનો ઉચ્ચ માત્રામાં ઉપયોગ કરવો જોઈએ. તાજા અને નરમ શક્કરિયા વધારે લાભકારી હોય છે.

**જન્મદિને વધામણી**



દર્પિતા પટેલ
રાધે-રાધે ગૃપ



મહેકબાનુ સાહિદખાન પઠાણ
મો. ૯૮૨૪૦ ૫૭૨૮૭



સોની હની એ
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧



સોની હિમાની એ
મો. ૯૫૭૪૦ ૯૫૯૫૧

## રવિવારે સ્માર્ટ કીડસ નર્સરીથી સ્વર્ણિમ પાર્ક સુધીની સાઈકલ મેરેથોન યોજાશે

ગાંધીનગર મહાનગરપાલિકા સ્માર્ટ કીડસ નર્સરી સ્કૂલ સેકટર-૧ દ્વારા સાયકલ મેરેથોનનું આયોજન કર્યું છે જે તારીખ ૨૭ને રવિવારે ૮ કલાકે યોજાશે. આ સાયકલ મેરેથોનની થીમ કલીનસીટી ગ્રીનસીટી રાખવામાં આવી છે. જેના માટે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. આ સાયકલ મેરેથોનની શરૂઆત સ્માર્ટ કીડઝ નર્સરી સ્કૂલ સેકટર-૧થી ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્વર્ણિમ પાર્ક, સેકટર-૧૦ સુધી રહેશે. જેમાં ગાંધીનગર મનપા મેયર હિતેષભાઈ મકવાણા ઉપસ્થિત રહેશે. સોલો રાઈડ અને રાઈડ વીથ પેરેન્ટસ કેટેગરીમાં આપ રજીસ્ટ્રેશન કરી શકશો. વધુ માહિતી માટે મો. ૯૩૫૨૯૧૬૭૫૬ પર સંપર્ક કરવા જણાવાયું હતું.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. ઠાકોર હમીરજી ચતુરજી,** ઉ.વ. ૫૯, દેલવાડ, માણસા
- **સ્વ. પ્રજાપતિ રૂખીબેન શીવાભાઈ,** ઉ.વ. ૬૦, મણીનગર, કલોલ
- **સ્વ. દીક્ષીત ભાલચંદ્ર પ્રભાશંકર,** ઉ.વ. ૯૩, દોલારાણા વાસણા
- **સ્વ. રબારી ભલાભાઈ માયાભાઈ,** ઉ.વ. ૯૫, ઈન્દ્રોડા
- **સ્વ. દરજી શારદાબેન કેશવલાલ,** ઉ.વ. ૭૦, વાવોલ
- **સ્વ. દેસાઈ સરલાબેન જીતેન્દ્રભાઈ,** ઉ.વ. ૮૪, સેકટર-૨૧
- **સ્વ. પટેલ કાન્તાબેન બળદેવભાઈ,** ઉ.વ. ૬૮, રાંધેજા

## શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત દ્વારા બેઠકનું આયોજન

ગાંધીનગર, તા.૨૦

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગુજરાત દ્વારા ગાંધીનગરમાં બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનું આયોજન સેકટર-૩ના સાંઈબાબા મંદિર ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્મ સમાજના ગાંધીનગરના પ્રમુખ સુનિલભાઈ ત્રિવેદી, રાજ્ય કક્ષાના સંગઠનકાર અશ્વિનભાઈ ત્રિવેદી, ધર્મ સંસદના અગ્રણી અને પૂર્વ પ્રમુખ કનૈયાલાલ પંડયા, ગાંધીનગર મનપાના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદી, કલ્પેશભાઈ જોશી, યુવા પાંખના પ્રમુખ મૌલિક દિક્ષિત, કશ્યપ દવે, ઘનશ્યામભાઈ, બિપિન રાવલ, મનિષભાઈ જાની જેવા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ઓલ ઈન્ડિયા રેડિયોના કલાકાર રેખાબેન રાવલની પ્રાર્થનાથી થઈ હતી અને ત્યારબાદ દિપ પ્રાગટય કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન મનિષભાઈ ત્રિવેદીએ સંભાળ્યું હતું.

આ પ્રસંગે બ્રહ્મ સમાજ, ગાંધીનગરના પ્રમુખ સુનિલભાઈ



ત્રિવેદીએ જણાવ્યું હતું કે, હું બ્રહ્મ સમાજના તમામ લોકો માટે તન, મન, ધનથી કાર્ય કરીશ. તેમણે બ્રહ્મ સમાજને એક કરવાની હાકલ કરી હતી. આ સાથે તેમણે બ્રહ્મ ગૌરવ એવોર્ડ શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી. ધર્મ સંસદના અગ્રણી કનૈયાલાલ પંડયાએ જણાવ્યું હતું કે બ્રહ્મ સમાજના તમામ લોકોએ સાથે મળીને આગળ વધવું પડશે. બ્રહ્મ સમાજના રાજ્ય કક્ષાના સંગઠનકાર અશ્વિનભાઈ ત્રિવેદીએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, તેઓ બ્રહ્મ સમાજની સ્થાપના સમયથી સક્રિય છે. તેમણે બે બ્રહ્મ બિઝનેસ સમિટનું સક્રિયતા પૂર્વક આયોજન કર્યું છે અને લગભગ ૧૧,૫૦૦ ભુદેવોને રોજગારી આપી છે. તેમણે યજ્ઞોપવીત, લગ્ન પસંદગી મેળો, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવાનું વચન આપ્યું હતું. તેમણે સરકારી યોજનાઓના લાભો જણાવ્યા હતાં અને જન જાગૃતિના કાર્યક્રમો યોજવાની ઘોષણા કરી હતી. આ કાર્યક્રમમાં યુવા કાર્યકરોને નિમણૂંક પત્રો અપાયા હતા. કાર્યક્રમની આભાર વિધિ કલ્પેશભાઈ જોશીએ કરી હતી.

## આજે સાયન્સ સિટી ખાતે કલાઈમેટ ચેન્જ અંતર્ગત કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૦

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત સ્થિતિ સ્થાપક આબોહવા યુકત ગુજરાતનું નિર્માણ વિષય સંદર્ભે કલાઈમેટ ચેન્જ પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જે ૨૧ ફેબ્રુઆરીએ સવારે ૯.૦૦ કલાકે સાયન્સ સિટી, અમદાવાદ ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમમાં (મુખ્યમંત્રી) ભુપેન્દ્રભાઈ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે તથા (શિક્ષણમંત્રી)જીતુભાઈ વાઘાણી અને (પર્યાવરણ કેબિનેટ મંત્રી), કિરીટસિંહ રાણા, ડૉ. કુબેરભાઈ ડીંડોર (રાજયમંત્રી), જગદીશભાઈ વિશ્વકર્મા (રાજયમંત્રી) સહિત મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ કાર્યક્રમ યોજાશે.

# ગુજરાતી ભાષા જેવી સરળતા બીજે ક્યાંય મળે તેને નવી શોધ માનજો

## વિશ્વ માતૃભાષા દિવસ પૂર્વે ગુજરાત સરકારે કરેલો સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોએ ગુજરાતીમાં બોર્ડ લગાડવાનું ફરજિયાત કરતો નિર્ણય કેટલો સ્તુત્ય અને હજુ કેવા પગલાં લેવા જરૂરી ?

### વિશ્વ માતૃભાષા દિવસ

**- સંકલન : સમીર રામી**

**સમગ્ર વિશ્વ તા. ૨૧મી ફેબ્રુઆરીએ 'વિશ્વ માતૃભાષા દિવસ' ઉજવે છે. ગુજરાત સરકારે આ નિમિત્તે એક મહત્વનો નિર્ણય કર્યો છે જે અનુસાર રાજ્યના આઠ મહાનરોમાં સરકારી સૂચના, માહિતી કે નામ-નિર્દેશનવાળા બોર્ડ ગુજરાતી ભાષામાં રાખવાના રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી રાજ્યમાં સતત વધી રહેલા અંગ્રજી માધ્યમના પ્રભાવને કારણે ગુજરાતી ભાષા મૃતઃપાય થઈ રહી હોવાની રાવ ઉઠતી રહે છે. નવી પેઢીમાં ગુજરાતીનો ઉપયોગ ક્રમશઃ ચિંતાજનક રીતે ઘટી રહ્યો હોવાનું અનુભવાઈ રહ્યું છે ત્યારે 'વિશ્વ માતૃભાષા દિવસ'ના પરિપેક્ષ્યમાં સરકારનો આ નિર્ણય કેટલો સ્તુત્ય છે અને ગુજરાતી ભાષાના સંવર્ધન માટે હજુ કેવા પગલાં લેવા જોઈએ તે અંગે જાણવા ગાંધીનગર સમાચારે કરેલો પ્રયાસ અત્રે પ્રસ્તુત છે. ફાધર વાલેસે કહ્યું હતું કે ''ગુજરાતી ભાષા જેવી સરળતા બીજે ક્યાંક જો મળે તો તમે નવી શોધ કરી છે એમ માનજો.''**

●●●

**આ નિર્ણયથી આપણી ઓળખ પાકી થશે**



પાટિયાં ને પાટિયા તરીકે ના જોવું જોઈએ, પાટિયું એક ઓળખનું પ્રતિક છે. બાળકમાં આપણી ભાષા એ જન ભાષા છે અને એનો કશોક ઉપયોગ છે તે પ્રતિપ્રાદિત થશે તો તેની જિજ્ઞાસા વધશે અને જિજ્ઞાસા વધશે તો તે ભાષા શીખશે જેનાથી સંસ્કૃતિ સચવાશે, ઓળખ સચવાશે. ઓળખ કટોકટીના આ સમયમાં પાટિયાં બદલવા એ પરિવર્તનની નિશાની નથી પ્રતિક્રમણની નિશાની છે, આપણે આપણી જાત તરફ પાછાં વળીએ, આપણી ઓળખને પાકી કરીએ પછી આપણે જગતના રંગમંચ પર જઈએ. આપણી જે મૂળ ઓળખ છે તે ના ભૂંસાય તો જ આપણાં મૂળ અને ઓળખ મજબૂત રહેશે અને ઓળખ મજબૂત રહેશે તો એકબીજા સાથેનો અનુબંધ મજબૂત રહેશે અને અનુબંધ મજબૂત રહેશે તો સંસ્કૃતિ મજબૂત રહેશે. એક રેસ્ટોરન્ટમાં પણ મેનું શું કામ ગુજરાતીમાં ના હોય ? આપણો વેઈટર શું કામ ગુજરાતી ના બોલે ? સરકારના આ નિર્ણયના મૂળમાં ઓળખ પાકી કરવાની વાત છે, સંસ્કૃતિનો સેતુબંધ પાકો કરવાની વાત છે. આ માતૃભાષા દિવસની ઉજવણીનો એક અર્ધ્ય છે.

**- ભાગ્યેશ જહા**
**જાણીતા સાહિત્યકાર અને અધ્યક્ષ, માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન**

●●●

**ગુજરાતી માદયમની શાળાઓને પ્રોત્સાહન આપી નવજીવન બક્ષો**



સરકારને અભિનંદન આપવાનું મન થાય છે કે વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે ગુજરાતની પ્રજાને એક અનેરી ભેટ આપી. ગરવી ગુજરાતના ગૌરવવંતા વારસાને ધબકતો રાખવા માટે ગુજરાતી ભાષાને જીવંત રાખવી પડશે. એનો વ્યવહારમાં ઉપયોગ વધારવો પડશે. અને એ દિશામાં સરકારનો આ નિર્ણય મહત્ત્વની ભૂમિકા ભજવનારો સિદ્ધ થશે. આ સાથે સરકારને કેટલાંક મહત્ત્વનાં સૂચનો કરવાનું હું ઉચિત સમજું છું જે અનુસાર સ્થાયી સ્વરૂપની ભાષાનીતિ ઘડીને એનો આગ્રહપૂર્વક અમલ કરાવવો, દરેક પ્રકારની પરીક્ષાઓમાં ગુજરાતી ભાષાને મહત્ત્વનું સ્થાન આપવું, શિક્ષક અને પ્રાધ્યાપક વર્ગનું સઘન પ્રશિક્ષણ કરવાની વ્યવસ્થા ગોઠવવી. આ કામ માટે ગુજરાતી ભાષાની સજ્જતા માટે કાર્યરત એવાં સ્વૈચ્છિક સંગઠનો અને વિદ્વાનોની સહાય લેવી, ભાષા નિયામક કચેરીના કાર્યમાં પ્રાણ ફૂંકવો, ગુજરાતી માધ્યમની શાળાઓને પ્રોત્સાહન આપી નવજીવન બક્ષવું, સરકારનો સઘળો પત્રવ્યવહાર ગુજરાતી ભાષામાં કરવાની જોગવાઈ કરવી, સમાચારપત્રો અને પ્રસાર માધ્યમો, ટી.વી.ચેનલો ભાષાશુદ્ધિનો આગ્રહ રાખે એવી કાનૂની જોગવાઈ કરવી વગેરેનો સમાવેશ થાય છે.

**- હર્ષદ પ્ર. શાહ**
**કુલપતિ, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી**
**ઉપાધ્યક્ષ, માતૃભાષા ગૌરવ પ્રતિષ્ઠાન**

●●●

**મહાનગરપાલિકાઓથી થયેલી શરૂઆત ગ્રામ પંચાયત સુધી પહોંચે**



રાજ્યમાં લોકાભિમુખ વહીવટ ગુજરાતી ભાષામાં ચલાવવાની અનેકવિધ યોજનાઓ ગુજરાતની સ્થાપના સાથે વિધાનસભાના પહેલા અધિનિયમથી શરૂ થઇ હતી જેનો અમલ ભાષા નિયામકની કચેરીએ સારી રીતે કર્યો હતો. આજે જાહેર સ્થળોએ નામ સહિતની વિગતો ગુજરાતીમાં દર્શાવવાનો સરકારનો નિર્ણય પ્રજાલક્ષી નાડ પારખવામાં વિશ્વ માતૃભાષા દિનની ભેટ ગણી શકાય. આઠ મહાનગરપાલિકાઓની શરુઆત નગરપાલિકાઓ અને ગ્રામ પંચાયત સુધી પહોંચશે તેમ જ કેન્દ્ર સરકારની કચેરીઓ પણ આ દિશાના અમલીકરણમાં મદદરૂપ બનતી રહે તે જરૂરી. ગુજરાતી ભાષાનું માતૃભાષાનું સંભારણું ગુજરાતી પ્રજા જ્યાં વસવાટ કરે છે ત્યાં સુધી કાયમી બની સંભળાતું રહે એવી જાગૃતિ આજના વિશ્વ માતૃભાષા દિને આ યાદગીરી જીવંત બની જશે એ માટે 'જય જય ગુજરાતી'નો નાદ દરેક સ્થળેથી સાંભળવા મળતો રહેશે.

**- કે.બી.વ્યાસ**
**પૂર્વ ભાષા નિયામક, ગુજરાત**

●●●

**હવે જ ખરી જવાબદારી શરૂ થશે**



ગાંધીનગર શહેરમાં માતૃભાષા પ્રતિષ્ઠાન અને ગાંધીનગર સાહિત્યસભા ગુજરાતી ભાષાના પ્રચાર પ્રસાર માટે કટિબદ્ધ છે અને એના માટે નિયમિત કાર્યક્રમ આયોજિત કરી પોતાનું યોગદાન આપી રહ્યા છે. ગુજરાતમાં ગુજરાતી ભાષામાં જાહેર સ્થળોએ ગુજરાતી ભાષામાં બોર્ડ લગાવવામાં આવે તે ચોક્કસ આવકાર્ય છે પરંતુ શું તમને ખબર છે ગાંધીનગરની સરકારી કચેરીઓ અને જાહેર મિલકતમાં ઘણી જગ્યાએ જોડણીની ભૂલો છે. માત્ર ગુજરાતી ભાષામાં લખવાના પરિપત્ર બહાર પાડીને કાર્ય પૂર્ણ નહીં થાય પરંતુ હવે જ ખરી જવાબદારી શરૂ થશે અને એ આપણા સૌની જવાબદારી રહેશે.

**- સંજય થોરાત 'સ્વજન'**
**અધ્યક્ષ - ગાંધીનગર સાહિત્યસભા**

●●●

**દરેક ગુજરાતીએ ગુજરાતીને બળુકી બનાવવા યથાશક્તિ પ્રયત્ન કરવા**



સરકારને આ સ્તુત્ય નિર્ણય માટે સલામ છે. ગુજરાતી ભાષાનો ગરવો ઐતિહાસિક વારસો છે. ગુજરાતી ભાષાનું ગૌરવ અને અભિમાન પ્રત્યેક ગુજરાતીના હૃદયમાં હોય એ સ્વાભાવિક છે. મને ગુજરાતી હોવાનું અને ગુજરાતી ભાષાનું સ્વાભિમાન છે એટલે જ હું ગુજરાતી ભાષાના પ્રેમમાં છું. ગુજરાત સરકારનો આ નિર્ણય ગુજરાતી ભાષાના ગૌરવને વધુ બળવત્તર બનાવવાની ભૂમિકા ભજવશે. મને એક ગુજરાતી હોવાના નાતે સરકારનું આ પગલું અત્યંત આવકારદાયક લાગ્યું છે.

**- પુલક ત્રિવેદી**
**જાણીતા કોલમિસ્ટ અને વરિષ્ઠ માહિતી અધિકારી**

●●●

**બોર્ડ સાચી જોડણી સાથેની હોય તેની તકેદારી સહુએ રાખવી**



પ્રથમ તો, ૨૧ ફેબ્રુઆરી-વિશ્વ માતૃભાષા દિવસે માતૃભાષા ગુજરાતીને વ્હાલભર્યા વંદન. સહુ ગુજરાતીઓને શુભેચ્છા. ગુજરાત સરકાર દ્વારા સરકારી કચેરીઓ, જાહેર સ્થળો વગેરે જગ્યાએ નિર્દેશન બોર્ડ ગુજરાતીમાં રાખવા અંગેનો જે નિર્ણય કરવામાં આવ્યો છે, તે સરસ નિર્ણય છે. ગુજરાતીમાં ગુજરાતી ભાષામાં બોર્ડ હોય એ આવકાર્ય. નવી પેઢી ખાસ આ બોર્ડ વાંચશે, ભાષા-લિપિ-અક્ષરનાં પ્રતિબિંબ એમના માનસમાં ઝિલાશે. હા, આ બોર્ડ સાચી જોડણી સાથેનાં હોય એ પણ એવી ખૂબ જરૂરી બાબત. નહીં તો જોડણીની અરાજકતા વધુ પ્રસરશે. પણ, આપણી માતૃભાષાના જતન, સંવર્ધન માટે આપણા બધાની ફરજ બને છે. બાળકોને ભાષાનો વારસો આપીએ. નવી પેઢી-યુવા પેઢીએ પણ માતૃભાષા પ્રત્યે અભિમાન-ગૌરવ અનુભવી એને વધુ જીવંત રાખવાની છે. હું મારી ભાષાને ખૂબ ચાહું છું.

**- પ્રજ્ઞા પટેલ**
**નિવૃત્ત માહિતી અધિકારી અને સંચાલક, માતૃભાષા અભિયાન પ્રેરિત પુસ્તક પરબ**

●●●

**પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં ફરજિયાત કરવું જોઈએ**



ગુજરાત સરકાર દ્વારા રાજ્યમાં સરકારી કચેરીઓ અને જાહેર સ્થળોએ નિર્દેશન સાહિત્યના બોર્ડ ગુજરાતીમાં લગાવવાનો નિર્ણય ખૂબ આવકારદાયક છે. ગુજરાતી ભાષની મહત્તા વધુ સારી રીતે પ્રસ્થાપિત કરી શકાશે પરંતુ જો ગુજરાતી ભાષાની સાથે અંગ્રેજીમાં પણ બોર્ડમાં જે તે નામ નિર્દેશ કરવામાં આવે તો દ્વિભાષીય નિર્દેશન સમગ્ર વિશ્વના મુલાકાતીઓને ખૂબ ઉપયોગી થશે. પ્રાથમિક શિક્ષણ માતૃભાષામાં ફરજિયાત કરવું જોઈએ. જે ભાષામાં બાળક રડે, સ્વપ્નું જોવે તે ભાષામાં પ્રાથમિક શિક્ષણ મેળવવાની ગ્રહણશક્તિ અનન્ય હોય છે.

**- ડો.ચેતના બુચ**
**આચાર્યા, શેઠ સી. એમ. હાઇસ્કૂલ, સે.૨૩**

●●●

**જોડણી સાચી લખાય તે માટે ધ્યાન આપવું જરૂરી**



ગુજરાત સરકારનો નિર્ણય ચોકકસ આવકારદાય છે. કમસે કમ આજની પેઢી ગુજરાતી ભાષામાં બોર્ડ વાંચશે તો ખરી. પણ સાથે સાથે યોગ્ય શબ્દ લોકો સુધી પહોંચે એ માટે જોડણી સાચી લખાય તે માટે સૌ ગુજરાતી પ્રેમીઓ ધ્યાન આપે નહીં તો, ગુજરાતી ભાષાનું કલિષ્ટ સ્વરૂપ આપણી સામે આવશે જે ખોટો પ્રચાર કરીને ગુજરાતી ભાષાને વધુ નુકશાન કરી શકે છે.

**- ડો.લીના સ્વાદિયા રાણા,**
**પ્રાધ્યાપિકા, શ્રી. પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજ, ગાંધીનગર**

●●●



**ગુજરાતી ભાષાના અંકો ગુજરાતીમાં જ લખાય તે જરૂરી**

હું વ્યક્તિગત રીતે આ નિર્ણયને આવકારું છે. ચોક્કસપણે આની હકારાત્મક અસરો સમાજમાં દેખાશે જ એવું લાગે છે. નિર્ણય સારો છે હવે તેના અમલીકરણમાં પણ આ મુજબ જ ઉત્સાહ દેખાય તો તેની વ્યાપક અને ઝડપી અસર પડશે. આ સિવાય પણ ગુજરાતી ભાષાના ભાષકોએ સજ્જતા કેળવવાની જરૂરિયાત છે. ગુજરાતી ભાષાનો વૈભવ જાણવા અને માણવા યોગ્ય છે. ગુજરાતી ભાષાના ભાષકે સહેજ પણ લઘુતાગ્રંથિ અનુભવવાની જરૂર નથી. ભાષાના માધ્યમથી શ્રેષ્ઠ જ્ઞાનપ્રાપ્તિનો રસ્તો ખુલી શકે છે. ગુજરાતી ભાષાના અંકોને ગુજરાતીમાં જ લખવા જોઈએ- આ બાબતે કાળજી રાખવાની જરૂર છે.

**- અજય ભરતકુમાર રાવલ,**
**આસિસ્ટન્ટ પ્રોફેસર, એસ. એસ. પટેલ બી.એડ. કોલેજ**